## PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 6th January, 1999.

GUJARAT PANCHAYATS ACT, 1993.

No. KP/7/99/PRR/1194/9-101/D.—In exercise of the powers conferred by Section 227 read with Section 274 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993) and in supersession of all the rules made in this behalf, the Government of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Fitter (Class IV), (Panchayat Service), nemely.

1. These rules may be called the Fitter, (Class IV) (Panchayat Service) Recruitment Rules, 1999.

2. Appointment to the post of Fitter (Class IV) (Panchayat Service) shall be made by direct selection.

3. To be eligible for appointment by direct selection to the post sanctioned in rule 2, a candidate shall,

(a) not be less than 18 years and not more than 25 years of age ;

(b) possess a certificate in the trade of Fitter from an Industrial Training Institute or an equivlent qualification ;

(c) have adequate knowledge of Gujarati and Hindii

4. A Candidate appointed by direct selection shall be on probation for a period of six months.

5. A candidate appointed by direct selection shall be required to undergo such training for such period and pass such post-training examination as may be prescribed by the Government.

Scanned by CamScanner

6. A selected candidate shall be required to pass the departmental examination and an examination in Gujarati or Hindi or both as may be prescribed by the Government.

7. A candidated appointed by direct selection shall be required to furnish security and surety bond for such amount, in such form and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat.

R. N. NINAMA,
Under Secretary to Government.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ જાન્યુઆરી, ૧૯૯૯.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૭/૯૯/પીઆરઆર/૧૧૯૪/૯—૧૦૧/ડ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ-૨૭૪ સાથે વાંચતાં કલમ ૨૨૭થી મળેલી સત્તાની રુએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી ફિટર (વર્ગ--૪) (પંચાયત સેવા) ની જગા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો ફિટર (વર્ગ--૪) (પંચાયત સેવા) ભરતી નિયમો, ૧૯૯૯ કહેવાશે.

૨. ફિટર (વર્ગ--૪) (પંચાયત સેવા)ની જગા પરની નિમણૂંક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં મંજૂર કરેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણુંકને પાત્ર થવા માટે ઉમેદવાર—

(ક) ૧૮ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ.
(ખ) ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું ફિટરના વ્યવસાયમાં પ્રમાણપત્ર અથવા સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ;
(ગ) ગુજરાતી અને હિન્દીનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૪. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે, છ માસની મુદત સુધી પ્રોબેશન ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ, ઠરાવે તેટલી મુદત માટે લેવી પડશે અને ઠરાવે તેવી તાલીમ પછીની પરીક્ષા પાંસ કરવી પડશે.

૬. પસંદ થયેલ ઉમેદવારે સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષાં અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેટલી રકમનું તેવા નમૂનામાં અને તેટલી મુદત માટે જામીન અને જામીનખત પુરુ પાડવુ જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એન. નિનામા,
સરકારના ઉપ સચિવ.

Scanned by CamScanner